ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ સે**

થઈ જાય છે શુદ્ધ
રક્ત હૃદયથી
વિચારોનું શું?

- હેમંત સુથાર

## જન્મદિને વધામણી



**હિતેષ વિનોદ શર્મા (જોષી)**
મો. ૮૦૦૦૭ ૭૨૫૦૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# મમતા આઈએઍસ ટ્રેનિંગ સૅન્ટર દ્વારા સનદી સેવામાં જોડાવા માટે વર્ગો શરૂ કરાશે

## શ્રી માણેકલાલ ઍમ પટેલ આઈએઍસ ટ્રેનિંગ સૅન્ટર ફોર સ્કૂલ્સના સંયુક્ત ઉપક્રમે વર્ગો યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સનદી સેવામાં જોડાવા માટે લેવામાં આવતી પરીક્ષાની તૈયારી માટેના પ્રશિક્ષણ વર્ગોનો પ્રારંભ આગામી માસથી કરવામાં આવી રહ્યો છે. આ વર્ગોમાં જોડાવા માટે ધોરણ-૬થી ૧૨ના વિદ્યાર્થીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મમતા આઈએઍસ ટ્રેનિંગ સૅન્ટર, સૅક્ટર-૨૩ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે મંડળ સંચાલિત શાળાઓમાં ધોરણ-૬થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે યુપીઍસસી દ્વારા લેવાતી સનદી સેવાઓ (આઈએઍસ, આઈપીઍસ, આઈઍફઍસ, આઈઆરઍસ)ની પરીક્ષાના પ્રશિક્ષણ વર્ગો દર શનિવાર અને રવિવારે ક્રમશઃ ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં શરૂ કરવાનું આયોજન છે. આ વર્ગો શ્રી માણેકલાલ ઍમ પટેલ આઈએઍસ ટ્રેનિંગ સૅન્ટર ફોર સ્કૂલ્સ દ્વારા અને મમતા આઈએઍસ ટ્રેનિંગ સૅન્ટરના માર્ગદર્શન હેઠળ ચલાવવાનું આયોજન કરાયું છે.

આ પ્રશિક્ષણ વર્ગો માટેની પ્રવેશ પરીક્ષા સંભવતઃ ૧૬ જુલાઈ ને રવિવારના રોજ લેવાની વિચારણા કરવામાં આવી છે. આ પ્રવેશ પરીક્ષાનાં ફોર્મ મમતા આઈએઍસ ટ્રેનિંગ સૅન્ટર, સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩ ખાતેથી સવારે ૧૦.૩૦થી સાંજે ૬ સુધીમાં પ્રાપ્ત થઈ શકશે. ભરેલાં ફોર્મ તા. ૧૦મી જુલાઈ સુધીમાં સંસ્થાને પરત કરવાનાં રહેશે.

વધુ વિગતો માટે સૅન્ટરનો સંપર્ક (ફોન-૨૩૨૪૮૦૦૮) કરવા આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રી વી ઍમ પટેલ અને શ્રીમતી ઍચ વી પટેલ બાલમંદિર દ્વારા ઈદની ઉલ્લાસપૂર્ણ ઉજવણી



ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી ઍમ પટેલ અને શ્રીમતી ઍચ વી પટેલ બાલમંદિર ખાતે ઈદ પર્વની ઉજવણી અનન્ય ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

સદાચાર, કર્તવ્યપરાણયતા અને પવિત્રતાનો ઉપદેશ આપનાર ઈસ્લામ ધર્મના સંસ્થાપક હજરત મહમદ પયગંબરના માનવતા અને પ્રેમના સંદેશાને આ પ્રસંગે યાદ કરવામાં આવ્યો હતો : મનુષ્ય અલ્લાહનો ખરાદી છે. કોઈની સામે ભેદ અને સંઘર્ષ નહીં પણ પ્રેમ, સહકાર અને સમર્પણનું સામ્રાજ્ય ઊભું કરે તે જ સાચો માનવી.

શાળાના વિદ્યાર્થીઓના વાલી એવા બે મુસ્લિમ બિરાદરોએ પયગંબર સાહેબના માનવજાતને સંદેશ અને ઈદના મહત્ત્વ વિશે સૌને વિગતે સમજ આપી હતી. સંસ્થાનાં સુપરવાઈઝર મીનાક્ષીબેને પણ ઈદ અંગેની રસભરી વાતો કરીને વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને સદ્‌ગુણો સીંચવાનો પ્રયાસ કર્યો હતો.

# ડિપ્લોમા ઈજનેરીના પ્રોવિઝનલ મેરિટમાં ૩૯૭૨૫ વિદ્યાર્થીનો સમાવેશ કરાયો

ગાંધીનગર, તા. ૨૮

ધો.૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય દિવસથી ચાલતી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજે પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરી દેવાયુ છે. આ મેરિટમાં ૩૯૭૨૫ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. મેરિટમાં પહેલા ક્રમે દૃષ્ટિ જસાણી નામની વિદ્યાર્થિનીએ ૯૪.૧૨ ટકા અને ૨૯૨ માર્કસ સાથે આવી છે. જ્યારે મેરિટમાં સૌથી છેલ્લા ક્રમે આવેલો વિદ્યાર્થી ૩૬ ટકા ધરાવે છે.

ડિપ્લોમા ઈજનેરીની ૬૬૭૧૫ બેઠકો માટે વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની સૂચના આપવામાં આવી હતી. કુલ ૪૪ હજાર વિદ્યાર્થીઓએ પીન ખરીદી હતી. જે પૈકી ૪૦૦૬૭ વિદ્યાર્થીઓએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં ઓપન કેટેગરીના ૧૯૨૯૫, બક્ષીપંચના ૧૧૧૧૨, અનુસુચિત જાતિના ૪૫૮૫, અનુસુચિત જનજાતિના ૫૦૨૩ અને ડિફેન્સના ૬૩ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજે કામચલાઉ મેરિટયાદી જાહેર કરી દેવામાં આવી છે. જેમાં દૃષ્ટિ જસાણી નામની વિદ્યાર્થિની ૯૪.૧૨ ટકા અને ૨૯૨ મેરિટ માર્કસ સાથે પહેલા ક્રમે આવી છે. આજ રીતે મેરિટમાં છેલ્લા ક્રમે આવેલા વિદ્યાર્થીને ૩૬ ટકા અને મેરિટ માર્કસ ૯૧ છે. પ્રવેશ માટે લાયકાત ૩૫ ટકા નક્કી કરવામાં આવી છે. કુલ ૬૬૭૧૫ બેઠકોની સામે મેરિટમાં ૩૯૭૨૫ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જેના કારણે પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ અંદાજે ૨૬ હજાર જેટલી બેઠકો ખાલી પડી છે. હવે જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું અને મેરિટમાં સ્થાન મેળવ્યું છે તે પૈકી કેટલાક વિદ્યાર્થીઓ પ્રવેશ ન લે તો ખાલી બેઠકોનો આંકડો વધે તેમ છે. જે ૪૦૦૬૮ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું તેમાં ૩૩૫૧૬ વિદ્યાર્થીઓ અને ૬૫૫૨ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. હવે આજથી જ વિદ્યાર્થીઓને મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ કરવાની સૂચના આપી દેવામાં આવી છે. તા.૧લી સુધી વિદ્યાર્થીઓ ચોઈસ આપી શકશે. તા.૪ જુલાઈએ મોક રાઉન્ડનું પરિણામ જાહેર કરાશે. આજે જાહેર કરાયેલા પ્રોવિઝનલ મેરિટલિસ્ટમાં કોઈ વિદ્યાર્થીઓનો કોઈ મુશ્કેલી કે ભૂલ રહી હોય તો નજીકના હેલ્પ સેન્ટરમાં જરૂરી સુધારા માટેના પુરાવાઓ અને દસ્તાવેજો લઈને તા.૧લી જુલાઈએ સાંજે ૫ વાગ્યા સુધી જવાનું રહેશે એમ યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ડેઈલી કરંટ



દર્શન મારૂ

95862 87447

(૧) તાજેતરમાં ભારત સરકારે ઈન્ટરનેશનલ ટેક્ષટાઈલ કોન્ફરન્સનું આયોજન ક્યાં કર્યું છે?
(એ) દિલ્હી
(બી) મુંબઈ
**(સી) ગાંધીનગર**
(ડી) બેંગલોર

(૨) ગાંધીનગરમાં આયોજિત ઈન્ટરનેશનલ ટેક્ષટાઈલ કોન્ફરન્સમાં કેટલા દેશો ભાગ લઈ રહ્યા છે?
**(એ) ૧૩૦** (બી) ૧૩૧
(સી) ૧૩૨ (ડી) ૧૩૩

(૩) ભારતના સૌથી ઊંચા અને લાંબા રેલવે ટ્રેકનો સર્વે ભારતના કયા શહેરમાં શરૂ કરવામાં આવ્યો છે.
(એ) સિયાચીન
(બી) લદાખ
**(સી) લેહ**
(ડી) શ્રીનગર

(૪) વર્ષ ૨૦૧૭માં ભારત દેશનાં રાજ્યોના પંચાયત રાજ્યમંત્રીઓનું સંમેલન ક્યાં યોજાયું હતું?
(એ) દિલ્હી
(બી)જયપુર
(સી) હૈદરાબાદ
**(ડી) ભોપાલ**

(૫) ભારતમાં નવી શિક્ષણનીતિ ઘડવા માટે કોની અધ્યક્ષતામાં વિશેષ સમિતિની રચના કરવામાં આવી છે?
(એ) ડૉ. સી રંગરાજન
(બી) ડૉ. કે કસ્તુરીનાથન
(સી) ડૉ. આર સુબ્રમણ્યમ
**(ડી) ડો. કે કસ્તુરીરંગન**

(૬) ભારતમાં નવી શિક્ષણનીતિ ઘડવા માટે રચાયેલી કે. કસ્તૂરીરંગન સમિતિમાં કેટલા સભ્યો છે?
(એ) ૮ **(બી) ૯**
(સી) ૧૦ (ડી) ૧૧

(૭) ભારતમાં કેટલાં વર્ષ બાદ નવી શિક્ષણનીતિ ઘડવાનો સરકારે નિર્ણય કર્યો છે?
(એ) ૧૮ (બી) ૨૨
**(સી) ૨૮** (ડી) ૩૨

(૮) ક્રિકેટના ઈતિહાસમાં ભારતે વન ડે ક્રિકેટમાં કયા દેશની ટીમને પછાડી સૌથી વધુ ૯૬ વખત ૩૦૦ રનનો નવો રેકોર્ડ નોંધાવ્યો છે?
(એ) પાકિસ્તાન
(બી) ઈંગ્લેન્ડ
**(સી) ઓસ્ટ્રેલિયા**
(ડી) શ્રીલંકા

(૯) જૂન માસમાં બર્મિંગહામ ક્લાસીક ટુર્નામેન્ટમાં કઈ મહિલા ખેલાડી ચેમ્પિયન બની હતી?
(એ) માર્ટિના હિંગીસ
**(બી) પેટ્રા ક્વિટોવા**
(સી) સેરેના વિલિયમ્સ
(ડી) સાનિયા મિર્ઝા

(૧૦) કાશ્મીરમાં સક્રિય કયા આતંકવાદીને અમેરિકાએ વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો છે?
(એ) સૈયદ અલાઉદ્દીન
(બી) સઈદ અલાઉદીન નઝીક
**(સી) સૈયદ સલાહુદ્દિન**
(ડી) સઈદ સલાહુદ્દિન નઝીક

# જયંતીલાલ મકવાણા લિખિત નવલકથા 'પરણેતરની પ્રીત'નું લોકાર્પણ





ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને વાર્તાકાર જયંતીલાલ મકવાણાના ચોથા પુસ્તક 'પરણેતરની પ્રીત'નું લોકાર્પણ સોમવારે ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું હતું. નગરના સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સમાચાર દૈનિકમાં આ નવલકથા હપ્તાવાર પ્રગટ થઈ ચૂકી છે.

ડૉ. આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે આયોજિત આ લોકાર્પણ સમારોહમાં પુસ્તક વિમોચનકાર તરીકે સાહિત્યકાર, નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ, મુખ્ય મહેમાન તરીકે આ પુસ્તક જેમને અર્પણ થયું છે તે લીંબડીના રહેવાસી સાહિત્યકાર વિષ્ણુકુમાર મહેતા, અતિથિવિશેષ તરીકે ગાંધીનગર સાહિત્ય સભાના સ્થાપક પ્રમુખ હરિકૃષ્ણ પાઠક, સુરેન્દ્રનગરના વાર્તાકાર તલકશીભાઈ પરમાર અને લીંબડીના કવિ, લઘુકથાકાર ચંદ્રકાન્ત નિર્મલ, ડૉ. ડી આર શર્મા અને રમણીકભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ દ્વારા અને અતિથિઓનો પરિચય પૂર્વ પ્રમુખ ભરત કવિ દ્વારા આપવામાં આવ્યો હતો. તપોવન સંસ્કાર પીઠના શ્રેષ્ઠ શિક્ષક રાષ્ટ્રીય ઍવોર્ડ વિજેતા શિક્ષક રોહિતભાઈ જોષીએ જયંતિભાઈ મકવાણાના પરિવારનો પરિચય આપ્યો હતો. લેખકે 'પરણેતરની પ્રીત' પુસ્તક સૌ પ્રથમ પોતાના ગુરુ વિષ્ણુકુમાર મહેતાને ભેટ ધર્યું હતું, જેમણે જયંતિભાઈને કલમ ભેટમાં આપીને વધુમાં વધુ ને ઉત્તમ સાહિત્યનું સર્જન કરવાના આશિષ પાઠવ્યા હતા. વિષ્ણુકુમાર મહેતાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સાહિત્યકારો માટે અત્યારનો સમય એ સુવર્ણ સમય છે, જેમાં મળતી વધુમાં વધુ તક તેમણે ઝડપી લેવી જોઈએ. પુસ્તકના લોકાર્પણ બાદ તલકશીભાઈ પરમારે પુસ્તકની કથા વિશે સાહિત્યરસિકોને વાત કરી હતી, જ્યારે પુસ્તકના લેખક જયંતીલાલ મકવાણાએ પોતાના વક્તવ્યમાં આજના યુગમાં સંસ્કારિતા અને શિક્ષણની જરૂરિયાતો પર ભાર મૂક્યો હતો.

ડૉ. કેશુભાઈ દેસાઈએ પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓને સમાન હક્ક આપવાની હિમાયત કરી હતી. તેમણે જયંતિભાઈ મકવાણાની લેખક તરીકેની પ્રતિભાની પ્રશસ્તિ કરતાં તેમનામાં સમર્થ સાહિત્યકારના ગુણો છુપાયેલા છે એમ જણાવી તેમને ઉત્તમોત્તમ સાહિત્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

# જગતને જોવાની દૃષ્ટિ એક્સ-રે જેવી હોવી જોઈએ

'આર્ષ', અક્ષરધામ દ્વારા 'સ્વસ્થ મન, સમૃદ્ધ જીવન' વિષયે ૮૦મા પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, ઝાડેશ્વર (ભરૂચ)ના કોઠારીશ્રી, વેદાંતાચાર્ય, પૂ. અનિર્દેશદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. પ્રવચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

સ્વામીજીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, સમૃદ્ધ શબ્દ વિષે મનુષ્યમાત્રને પ્રીતિ છે. આ સમૃદ્ધિ હર કોઈ ઈચ્છે છે. કોઈ શરીરથી, કોઈ પૈસાથી સમૃદ્ધિ ઈચ્છે. પરંતુ સંપત્તિથી પ્રાપ્ત થયેલી સમૃદ્ધિ બહુ લાંબો સમય ટકતી નથી. જ્યારે મનની એવી તાકાત છે કે તે સ્વસ્થ હશે તો આપણી આર્થિક પરિસ્થિતિ સારી હોય કે ન હોય તો પણ મનની સુખ શાંતિ મળશે.

કોઈ માણસ જેલના બંધનમાં હોય પણ તેનું મન સ્વસ્થ હોય તો વિપરીત પરિસ્થિતિની વચ્ચે પણ વિકાસયાત્રા ચાલુ રાખે છે. સ્વસ્થ મન એટલે સ્થિર મન, શાંત મન, પવિત્ર મન, બળવાન મન અને પ્રસન્ન મન. મનની અપવિત્રતાને કારણે રાવણે આખા કુળનો નાશ કર્યો. મન બહુ ઉદાસ થાય છે ત્યારે બહુ પ્રશ્નો થાય છે. મન શાંત હોય, પ્રસન્ન હોય, પવિત્ર હોય એ જરૂરી છે. એ પવિત્ર મનને કારણે જ પ્રમુખસ્વામી મહારાજે અક્ષરધામમાં આતંકવાદનો એટેક થયો ત્યારે પણ પ્રાર્થના કરી અને શાંતિ માટે અપીલ કરી. એટેક પછી ગુજરાતમાં શાંતિ રહી તે તેમના સ્વસ્થ મનને કારણે બન્યું. આતંકવાદી મૃત્યુ પામ્યા હતા ત્યાં પણ તેમણે શાંતિપાઠ કરી તેમનું કલ્યાણ થાય એ ભાવના પ્રગટ કરી તે તેમના સ્વસ્થ મનને કારણે બન્યું.

સ્વસ્થ મનના નિમાર્ણની આવશ્યકતા શું? તો તેમણે જણાવ્યું કે, તમામ ક્રિયાઓ સારી કરી શકીએ તેના માટે સ્વસ્થ મનની જરૂરિયાત હોય છે. દૃષ્ટિકોણ સાચો, તો લાગણી સારી હોય.

આપણા જીવનમાં આપણે શાંતિ માટે રાત-દિવસ દોડધામ કરીએ છીએ. આપણા મગજમાં ગેરસમજ છે કે જેટલી પૈસાની સમૃદ્ધિ તેટલું સુખ. પરંતુ જેમ સંપત્તિ વધારે તેમ શાંતિ હણાય છે. મન અસ્વસ્થ બને છે. બીજુ કારણ સંબંધો. આપણે એકલા નથી પરંતુ અનેક લોકોના, સંબંધીઓના સંપર્કમા આપણે રહેવાનું થાય છે. પરિવારના સંબંધોમાં લાંબા સમયે સામેની વ્યક્તિ પર આપણા મનની અસર વધારે થાય છે. બહારના પ્રશ્નો જેટલા દુઃખી નથી કરતાં તેટલાં ઘરના પ્રશ્નો આપણને દુઃખી કરે છે.

પરિવારના નાના-નાના પ્રશ્નો સામે માણસ હારી જાય છે. સંબંધો એટલા લાગણીશીલ છે કે જેમાં મન સ્વસ્થ હોય તે જરૂરી છે

ત્રીજું કારણ શરીર. ગમે તેવો બાહોશ વ્યક્તિ બિમાર પડે તેને પણ સ્વસ્થ મનની જરૂરીયાત છે. આપણા મનની ભૂમિકામાં શરીરના સ્વાસ્થ્યની અગત્યતા છે. મન સ્વસ્થ તો શરીર સ્વસ્થ. શિક્ષકના મનની અસર વિદ્યાર્થીના મન પર થાય છે. સિદ્ધાંતોના અમલ માટે સ્વસ્થ મનની જરૂરીયાત છે. જાણવું તે અલગ બાબત છે અને અમલમાં મૂકવું એ અલગ બાબત છે. મનોબળ નબળું પડે તો કામ સફળ ન થાય. ભૂલ કર્યા પછી આપણને જાણપણું આવે છે. આ જાણપણું પહેલેથી રહે તેના માટે સ્વસ્થ મનની જરૂરીયાત છે.

સ્વસ્થ મનની મોક્ષપ્રાપ્તિ માટે પણ એટલીજ જરૂરીયાત છે. ભરતજીએ રાજ્યનો ત્યાગ કરી જંગલમાં જઈ કઠોર તપ કરેલું તેમ છતાં તેમનું મન છેલ્લે મૃગલીમાં જોડાયું. જેથી મોક્ષ પ્રાપ્તિ ન કરી શક્યા. બીજી બાજું જનક રાજા સંસારમાં રહેવા છતાં વિદેહી કહેવાયા તેનું કારણ તેમનું સ્વસ્થ મન. પ્રવચનના અંતિમ ભાગમાં જણાવ્યું હતું કે સ્વસ્થ મન નિર્માણ કઈ રીતે થઈ શકે? ઘણા બધાએ પુસ્તકો લખી વિચારો આપ્યા છે. વિચાર આપવા બહુ સહેલા છે પરંતુ જેમણે જાતે જીવન જીવી બતાવ્યું છે તેમના જીવન વિશે જાણવું જોઈએ. આચરણ વગર એક શબ્દ પણ અસર કરી શક્તો નથી. ૮૦ વર્ષે ત્રણ ત્રણ વાર લગ્ન કરનાર બ્રહ્મચર્ય ઉપર પ્રવચનો કરે પણ તેનો ભાર પડતો નથી. પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષોએ સમૃદ્ધ જીવન જીવીને ઘણાનાં જીવન સમૃદ્ધ બનાવ્યા છે. બહારના વાતાવરણની અસર આપણા જીવન પર પડે છે.

મનને સ્થિર કરવાના તેમણે ત્રણ ઉપાયો સૂચવ્યા હતા. (૧) આહારશુદ્ધિ (૨) વ્યવહારશુદ્ધિ અને (૩) વિચારશુદ્ધિ તેમાં પ્રથમ આહારશુદ્ધિ અર્થાત્ તમામ ઈન્દ્રિયોનો આહાર કહેતાં દેખવું, સાંભળવું, સુંઘવું, ખાવું વગેરેની આહારશુદ્ધિ નથી તો મન ક્યાથી સ્વસ્થ રહેવાનું.

બીજો ઉપાય છે વ્યવહાર શુદ્ધિ. એટલે આપણા સંબંધોમાં ભાવનાઓની શુદ્ધિ. ઉદાર દિલે માફી આપતા શીખીએ તે મોટી સંબંધોની વ્યવહારશીલતા છે. પ્રમુખસ્વામી મહારાજનું સૂત્ર છે. મોટું મન રાખતા શીખો. લોકો મન નાનું રાખે છે એટલે અસ્વસ્થ થાય છે. પૂ. પ્રમુખસ્વામી મહારાજ આતંકવાદીને માફી આપી શકતા હોય તો આપણે કેમ કોઈને માફી ન આપી શકીયે? પ્રમુખસ્વામી મહારાજે સાધુ જીવનમાં અનેક મુશ્કેલીઓ વેઠી છે પણ હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નથી. પોતાના સ્વસ્થ મનને કારણે સૌના ભલામાં આપણું ભલું તે સૂત્ર સાથે તેઓ જીવન જીવી ગયા. બીજાના સુખે સુખી થતા શીખો તે તેમની જીવન ભાવના હતી. આપણે જ આપણા વિકાસને રૂંધી રાખીયે છીએ. બીજાને સુખી ન કરી શકીએ તો કંઈ નહિ પણ તેને માટે પ્રાર્થના તો કરીએ!

મનની સ્વસ્થતાનો ત્રીજો ઉપાય વિચાર શુદ્ધિ.

૧. આપણે જે છીએ તેનો વિચાર.
૨. જ્યાં છીએ તેનો વિચાર.
૩. જેના વડે છીએ તેનો વિચાર.

આપણે દેહ નથી પણ આત્મા છીએ તે મૂળ વિચાર રાખવો. દેહ માત્ર સાધન છે. આ વાત સમજાઈ નથી તેથી સામાન્ય બીમારીમાં પણ માણસ અસ્વસ્થ થઈ જાય છે. દેહને પોતાનુ રૂપ માનતા દુઃખ ઉત્પન્ન થાય છે. પોતાને સવારમાં અરીસા સામું જુઓ ત્યારથી દુઃખી થવાની શરૂઆત થાય છે. ભગવાન સ્વામિનારાયણ સારંગપુરના પહેલા વચનામૃતમાં કહે છે, આપણે આત્મા, ચૈતન્ય છીએ, દેહ દુઃખરૂપ છે, આત્મા સુખરૂપ છે, દેહ નાશવંત છે આત્મા શાશ્વત છે.

જ્યાં છીએ તેનો વિચાર- આ જગતને આપણે કાયમી માની બેઠા છીએ. આપણે જગતને ફોટોગ્રાફીની રીતે જોઈએ છીએ. પરંતુ જગતને જોવાની દૃષ્ટિ એક્સરે દૃષ્ટિ હોવી જોઈએ. આજે મારા જીવનનો છેલ્લો દિવસ છે તેઓ વિચાર રાખવો. જેને સાંખ્ય વિચાર કહેવાય.

જેના વડે અર્થાત્ ભગવાનના કર્તૃત્વનો વિચાર- આપણા જીવનમાં જે કઈ બને છે તેના કર્તાહર્તા ભગવાન છે. તેવો વિચાર રાખવો.

આપણે પોતે કર્તા નથી પણ આપણામાં રહેલા ભગવાન બધું કરે છે જે કંઈ થાય છે તે ભગવાનની શક્તિથી થાય છે. એવો વિશ્વાસ હોવો જોઈએ. તેવી વિચાર શુદ્ધિ જોઈએ. આ વિચારથી મન એટલું શાંત થશે અને સ્વસ્થ થશે.

આ વિચારોને જાગૃત રાખવા માટે નિત્ય સત્સંગ અર્થાત્ રવિસભા અને ઘરસભા. બીજા પાસે સુધરવાની અપેક્ષા ન રાખતાં પોતે સુધરીએ તે જરૂરી છે તેથી વિચારશુદ્ધિ થશે તેને કારણે સ્વસ્થ મન રહેશે અને સુખી અને સમૃદ્ધજીવન પણ બનશે.





# સંસ્કૃતિ દ્વારા શનિવારે હાસ્ય દરબાર કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૮

સંસ્કૃતિ સંસ્થા દ્વારા આગામી તા. ૧લી જુલાઈના રોજ હાસ્ય દરબાર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ રમેશ પટેલ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જે આર નાયકે જણાવ્યું છે કે બંને સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે 'હાલો હાસ્યની હેલીએ ભીંજાઈએ' કાર્યક્રમનું આયોજન ૧લી જુલાઈ ને શનિવારના રોજ રાત્રે ૯.૧૫ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ખ્યાત કલાકાર ધીરુભાઈ સરવૈયા હાસ્યની હેલીઓ વરસાવશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ટ્યુબલાઈટ-૧.૩૦, ૪.૩૦
૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
ટ્યુબલાઈટ-૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
રાબતા-૧૨.૪૫
બાહુબલિ-૨ - ૩.૪૫
હિન્દી મીડિયમ - ૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ-૯.૩૦

**સ્ક્રીન-૫**
ટ્યુબલાઈટ
૧૧.૩૦, ૨.૩૦, ૮.૩૦

**સ્ક્રીન-૬**
ટ્યુબલાઈટ - ૫.૩૦
હિન્દી મીડિયમ
સવારે ૧૦.૦૦
રાબતા - ૧૨.૪૫